# ગતિશીલ ગુજરાતમાં મહિલાઓ બનશે વધુ સામર્થ્યવાન

## માતૃહૃદયા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સંવેદનાઓ થકી અનેક મહિલાઓના જીવનને મળ્યો ઉજાસ

★ ગુજરાતનું સતત ત્રીજુ જેન્ડર બજેટ : ૧૩૬ યોજનાઓ સો ટકા મહિલાલક્ષી : કુલ રૂા.૫૦,૫૮૫ કરોડની યોજનાઓનો મહિલાઓને લાભ

★ સરકારી ભરતીમાં 33 ટકા મહિલા અનામત : ૨૮૦૦ મહિલાઓની પોલીસમાં ભરતી : આ વર્ષે ૨૨,૦૦૦ મહિલાઓને મળશે સરકારી નોકરીનો અવસર

★ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા અનામત 33 ટકાથી વધારી ૫૦ ટકા

★ સાણંદ,હાલોલ અને જુનૈદ(ભરુચ) ખાતે મહિલાઓ માટે ખાસ મહિલા જીઆઇડીસી

★ ૨.૫ લાખ સખી મંડળોના માધ્યમથી પરિવાર માટે આવકનું સર્જન કરતી ૩૫ લાખ જેટલી બહેનો

★ મહિલા સંચાલિત દુધ મંડળીને દુધ ઘર માટે રૂા. ૧ ના ટોકનથી ૩૦૦ ચો.વાર જમીન અને બાંધકામ માટે રૂા.૫ લાખની મદદ : મહિલા પશુ પાલકોને
ચાફકટર, મિલ્કીંગ મશીન, મિલ્ક કુલર માટે સહાય

★ સ્તન અને ગર્ભાશય મુખના કેન્સર માટે ૬૦ લાખ મહિલાઓનું સ્ક્રીનીંગ :મહિલાઓના કેન્સર માટે સુપર સ્પેશીયાલિસ્ટ હોસ્પીટલમાં મફત સારવાર

★ અમદાવાદ ખાતે ખાસ મહિલાઓ અને બાળકો માટે પ્રથમ સ્પેશીયાલીસ્ટી મધર અને ચાઇલ્ડ હોસ્પીટલ

★ ગુજરાતની દીકરીને સિવિલ સર્વીસ પરીક્ષા આપવા રૂ.૯૦,૦૦૦ની સહાય : ગરીબ પરિવારની દીકરીને મેડીકલ કોલેજની ટ્યુશનફી સરકાર ચુકવશે

★ સરસ્વતી સાધના યોજના અંતગર્ત દર વર્ષે ૧.૫ લાખ કન્યાઓને વિનામુલ્યે સાઇકલ : આ વર્ષે ૧૦ નવા સરકારી કન્યા છાત્રાલય શરુ કરાશે

★ સુરક્ષા સેતુ યોજના : ૩.૫ લાખ જેટલી મહિલાઓને સ્વરક્ષાની તાલીમ

★ આ વર્ષે ૭૫ નવી નારી અદાલતો સાથે રાજ્યના તમામ તાલુકાઓમાં નારી અદાલતો કાર્યરત

**માત્ર મહિલાઓ માટે જ રૂા.૫૦,૫૮૫ કરોડ ખર્ચાશે.**

**" સમાજમાં મહિલાઓની સ્થિતિ સુધરે અને તેમને ગૌરવમય જીવન પ્રાપ્ત થાય તે માટે ત્રણ બાબતો મહત્વની છે. મહિલાઓનું આર્થિક સશક્તિકરણ,સુરક્ષા અને સ્વાસ્થ્ય "**

શ્રીમતી આનંદીબેન પટેલ,
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

